ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સી ઍન્ડ ઈ/૨૦૧૪/૨૨૨૨, તા. ૩-૨-૨૦૧૪થી મંજૂર

**શિક્ષક અને વાલી માટે અલગથી
શિક્ષક-આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે,
જેનો ઉપયોગ અવશ્ય કરશો.**

## પર્યાવરણ

# મારી આસપાસ

## ધોરણ 3

**(પ્રથમ સત્ર – દ્વિતીય સત્ર)**

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે
આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

વિદ્યાર્થીનું નામ : ______________________

શાળાનું નામ : ______________________

વર્ગ : ____________ રોલ નંબર : ____________

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**લેખન-સંપાદન (SRG)**

શ્રી ભાવેશ પંડ્યા
શ્રી કેતન વ્યાસ
શ્રી મનન બુદ્ધદેવ
શ્રી પ્રવીણ એ. પટેલ
શ્રી જયેશ પટેલ
શ્રી પ્રણવ વ્યાસ
શ્રી અશોક મકવાણા
શ્રી ચાંગાભાઈ કાગ
શ્રી જશુભાઈ પટેલ
શ્રી હરિભાઈ પટેલ
શ્રી કમલેશ ડી. પટેલ
શ્રી પ્રકાશભાઈ શર્મા
શ્રી મીનાક્ષી મહેતા
કુ. અરુણા પરમાર
શ્રી ભાવનાબહેન મોદી
શ્રી પુષ્પાબહેન પરમાર

**સમીક્ષા**

ડૉ. આઇ. એમ. ભટ્ટ
ડૉ. મયૂર સી. શાહ
ડૉ. બી. કે. જૈન
શ્રી નિમેષ જે. ભટ્ટ
શ્રી અરુણભાઈ એચ. ભિન્ડે
શ્રીમતી વૈશાલીબહેન એસ. પટેલ
શ્રી મહિપાલસિંહ જે. સિસોદિયા

**ચિત્રાંકન**

સર્જન ગ્રાફિક્સ

**સંયોજન**

શ્રી ચિરાગ એચ. પટેલ
(વિષય-સંયોજક : ભૌતિકવિજ્ઞાન)

**નિર્માણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

# પ્રસ્તાવના

NCF-2005 તેમજ RTE-2009ને ધ્યાનમાં રાખીને દેશમાં પ્રાથમિક શિક્ષણનાં અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ સમગ્ર શિક્ષણ-પ્રક્રિયામાં બદલાવ થઈ રહ્યો છે. આ બદલાવ મુખ્યત્વે જે-તે વિષયો તેમજ શિક્ષણ-પ્રક્રિયા સંદર્ભે આપણી સમજ અંગેનો છે. બાળકની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે એ આ અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ અભિગમને ધ્યાનમાં રાખીને જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ **ધોરણ ૩**નું પ્રસ્તુત પાઠ્યપુસ્તક **મારી આસપાસ (પર્યાવરણ)** વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સમક્ષ રજૂ કરતાં મંડળ આનંદ અનુભવે છે.

નવાં અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તક-નિર્માણની સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ સતત માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ ગ્રૂપના સભ્યોને સજ્જ બનાવ્યા છે. UNICEFનો સહયોગ પણ આ આખી પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. જે-તે વિષયના કોર ગ્રૂપના સભ્યોએ પણ વખતોવખત સહયોગ આપ્યો છે.

આ પાઠ્યપુસ્તકનો રાજ્યમાં અમલ કરતાં અગાઉ પસંદગીની શાળાઓમાં ત્રણ વર્ષ માટે અજમાયશી ધોરણે મૂકવામાં આવેલ હતું. તે દરમિયાન વિદ્યાર્થીઓને વર્ગમાં શીખવાડતી વખતે જે-જે અનુભવો થયા તેનાં વ્યાપક તારણો, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યાં અને તે મુજબ સુધારા-વધારા કરવામાં આવ્યા છે.

આ પાઠ્યપુસ્તકના સમગ્ર રાજ્યવ્યાપી અમલ પૂર્વે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા આમંત્રિત વિષય-નિષ્ણાતો અને પાઠ્યપુસ્તક તૈયાર કરનાર જી.સી.ઈ.આર.ટી.ના નિષ્ણાતોની સંયુક્ત બેઠક બોલાવીને તેઓનાં સૂચનોને ધ્યાનમાં લઈને આ પાઠ્યપુસ્તકને આખરી સ્વરૂપ આપવામાં આવેલ છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને ગુણવત્તાયુક્ત તથા બાળભોગ્ય બનાવવા માટે પૂરતી જહેમત ઉઠાવી છે. તેના ચતુરંગી સ્વરૂપ દ્વારા બાળકો હોંશે હોંશે તેનો ઉપયોગ કરે એવું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

આ પાઠ્યપુસ્તકને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતા પ્રયત્નો કર્યા છે, તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી સૂચનો આવકાર્ય છે.

**ડૉ. આર. યુ. પુરોહિત**
નિયામક
(જી.સી.ઈ.આર.ટી.)

**ડૉ. ભરત પંડિત**
નિયામક
(પાઠ્યપુસ્તક મંડળ)

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
(પાઠ્યપુસ્તક મંડળ)

તા. 3-3-2015
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪, પુનઃમુદ્રણ : ૨૦૧૫**

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી ડૉ. ભરત પંડિત, નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

*ભારતનું સંવિધાન : કલમ ૫૧-क

# અનુક્રમણિકા

**(પ્રથમ સત્ર)**



| ક્રમ | પ્રકરણનું નામ | પૃષ્ઠ-નંબર |
|---|---|---|
| ૧. | આટલું કરીએ જ... | ૧ |
| ૨. | ખાધા વિના કંઈ ચાલે ? | ૭ |
| ૩. | જીવ છે કે નહિ ? | ૧૪ |
| • | કેટલું શીખ્યા ?–૧ | ૨૧ |
| ૪. | મારું .... | ૨૫ |
| ૫. | આસપાસમાં રહેનારાં | ૩૪ |
| ૬. | અંધારું-અજવાળું | ૪૨ |
| • | કેટલું શીખ્યા ?–૨ | ૫૦ |


**(દ્વિતીય સત્ર)**


| | | |
|---|---|---|
| ૭. | મૌનસ મામાને ગામ | ૫૬ |
| ૮. | ચાલો ઓળખીએ | ૬૮ |
| ૯. | જુઓ અને જાણો | ૭૭ |
| • | કેટલું શીખ્યા ?–૩ | ૮૪ |
| ૧૦. | દેશની ઓળખ | ૮૭ |
| ૧૧. | શ્વસન-અંગો | ૯૩ |
| ૧૨. | વ્યવસાયકારો | ૯૭ |
| • | કેટલું શીખ્યા ?–૪ | ૧૦૫ |


# સંકેત-પરિચય

૧. રંગ પૂરો :




રંગ પૂરો :











૨.  વાર્તા :

- આ સંકેત બાળકોને વાર્તા કહેવાનો છે.
- શિક્ષક-આવૃત્તિમાંથી વિદ્યાર્થીઓને વાર્તા કહેવી.

૩.  વિચારો અને કહો :

- તમારા ઘરમાં સૌથી નાનું કોણ છે ?
- તમારા ઘરમાં સૌથી ઊંચું કોણ છે ?
- તમારા ઘરમાં કેટલા માણસો છે ?
- તમને કયું ફૂલ ગમે છે ?

૪.  મેદાનની રમત :

- આ સંકેત બાળકોને મેદાનની રમત રમાડવાનું સૂચવે છે.
- શિક્ષક-આવૃત્તિમાંથી વિદ્યાર્થીઓને મેદાનની રમત રમાડવી.

૫.  કોયડો :



૬.  અભિનય :

- આ સંકેત બાળકોને સમૂહમાં અભિનય-ગીત અથવા વ્યક્તિગત અભિનય કરવાનું સૂચવે છે.
- શિક્ષક-આવૃત્તિમાં સૂચવ્યા મુજબ અભિનય કરાવો.

૭.  વર્ગખંડની રમત :

- આ સંકેત વર્ગખંડમાં રમતો રમવાનું સૂચવે છે.
- શિક્ષક-આવૃત્તિમાં દર્શાવેલ હોય તેવી વર્ગખંડની રમત રમાડવી.

૮.  વાચન :


- આ સંકેત બાળકોને પાઠ્યપુસ્તક વાચન કે પૂરક સંદર્ભ સાહિત્ય વાંચવાનું સૂચવે છે.
- શિક્ષક-આવૃત્તિને આધારે વાચન કરાવવું.

૯.  લખો :

- આ સંકેત પાઠ્યપુસ્તકમાં નોંધવાનાં અવલોકનો, વિચારો અને સ્વતંત્ર લેખનનું સૂચક છે.
- વિદ્યાર્થીઓ પાસે શિક્ષક-આવૃત્તિને આધારે નોંધ કરાવવી.

## ૧૦. અવલોકન :

તમારી શાળામાં જે હોય તે ☑ કરો :




૧૧.  પ્રવૃત્તિ :

- આ સંકેત પ્રવૃત્તિ કરવાનું સૂચવે છે.




 પ્રવૃત્તિ :

- આ સંકેત સર્જનાત્મક કાર્ય સૂચવે છે.
- શિક્ષક-આવૃત્તિને આધારે સર્જનાત્મક કાર્ય કરાવીશું.



૧૨. ચર્ચા :



૧૩. પ્રૉજેક્ટ :

| ક્રમ | મિત્રનું નામ | મિત્રના પિતાનું નામ | મિત્રની માતાનું નામ | મિત્રને ભાવતું ફળ | મિત્રને ભાવતી શાકભાજી |
|---|---|---|---|---|---|
| ૧. | અલ્પેશ | અમૃતભાઈ | નાથીબહેન | કેરી | રીંગણ |
| ૨. | | | | | |
| ૩. | | | | | |
| ૪. | | | | | |
| ૫. | | | | | |
| ૬. | | | | | |
| ૭. | | | | | |

## ૧૪.  ગીત :

- આ સંકેત ગીત ગવડાવવા માટેનો છે.

### ચાલો માપ લખીએ...

- તમારા વર્ગખંડનું માપ તમારાં કેટલાં ડગલાં છે ?

  ____________________

  ____________________

- તમારા વર્ગની બારીનું માપ તમારી કેટલી વેંત છે ?

  ____________________

  ____________________

- તમારા વર્ગખંડના કાળા પાટિયાનું માપ તમારા કેટલા હાથ છે ?

  ____________________

  ____________________

❖

# ૧

# આટલું કરીએ જ...

ગીત :





આ વાત કદી ન ભુલાય.
રોજ સવારે વહેલાં ઉઠાય,
ઊઠીને શરીરને સ્વચ્છ કરાય,
સ્નાન કરીને પ્રાર્થના કરાય, આ વાત કદી ન ભુલાય.



ગ્લાસ મોઢે માંડીને પાણી ન પિવાય,
પાણીના વાસણને ચોખ્ખું રખાય,
ચાવી ચાવીને ખાવાનું ખવાય, આ વાત કદી ન ભુલાય.





નિયમિત રીતે નિશાળે જવાય,
મેદાને જઈને રમત રમાય,
ઘર, ગામ, શાળાને સ્વચ્છ રખાય, આ વાત કદી ન ભુલાય.



રસ્તા ઓળંગવામાં ધ્યાન રખાય,
ગાડી-બસમાં બેસતાં ધક્કામુક્કી ન કરાય,
આપણા જેવા સરખાની દોસ્તી કરાય, આ વાત કદી ન ભુલાય.




આપણાથી મોટાને માન અપાય,
આપણાથી નાનાને વહાલ કરાય,
વડીલ-મોટેરાંને વંદન કરાય, આ વાત કદી ન ભુલાય.

## સારા વર્તનમાં ▇ અને ખરાબ વર્તનમાં ▇ રંગ પૂરો :



















## વિચારો અને લખો :

| | | | |
|---|---|---|---|
| ખાતાં પહેલાં સાબુથી હાથ ધોશો ? | હા | ખાતાં પહેલાં હાથ ધોવાનું ટાળશો ? | ના |
| તમારી વસ્તુ ગમે ત્યાં મૂકશો ? | | તમારી વસ્તુ વ્યવસ્થિત મૂકશો ? | |
| સીડી પર ઝડપથી ચડશો ? | | સીડી પર શાંતિથી ચડશો ? | |
| સવારે વહેલાં ઊઠશો ? | | સવારે ખૂબ મોડાં ઊઠશો ? | |
| કચરો ગમે ત્યાં નાખશો ? | | કચરો કચરાપેટીમાં નાખશો ? | |
| મિત્રને મદદરૂપ બનશો ? | | મિત્રને મદદરૂપ બનવાનું ટાળશો ? | |
| વર્ગમાં શાંતિથી દાખલ થશો ? | | વર્ગમાં ધક્કામુક્કી કરી દાખલ થશો ? | |
| ફૂલછોડને તોડશો ? | | ફૂલછોડને સાચવશો ? | |
| દીવાલો પર લીટા કરશો ? | | દીવાલો ચોખ્ખી રાખશો ? | |
| અજાણ્યા સામાનને અડકશો ? | | અજાણ્યા સામાનને અડકવાનું ટાળશો ? | |
| ગમે ત્યાં થૂંકશો ? | | થૂંકદાનીનો ઉપયોગ કરશો ? | |
| પેશાબ કરવા શૌચાલયનો ઉપયોગ કરશો ? | | ગમે ત્યાં પેશાબ કરશો ? | |



## વર્ગખંડની રમત :

- બે મિત્રો પાસા વડે રમી શકશે.
- ઘરમાં બે જુદી-જુદી કૂકરી મૂકો.
- પાસાના અંક જેટલાં ખાનાં આગળ ચાલવું.
- યોગ્ય વર્તનમાં કૂકરી આવે, તો એક ખાનું આગળ વધવું.
- અયોગ્ય વર્તનમાં કૂકરી આવે, તો બે ખાનાં પાછળ આવવું.

| | | | | |
|---|---|---|---|---|
| | ⇨ રસ્તો ધ્યાનથી પસાર કરવો. | | | ભોજનનો બગાડ કરવો. |
| નિયમિત સ્નાન કરવું. ⇧ | કચરો ગમે ત્યાં ફેંકવો. | | | ⇦ અપંગોને મદદરૂપ બનવું. ⇧ |
| | ⇨ વડીલોને માન આપવું. | | | પાણીનો બગાડ કરવો. |
| ધક્કામુક્કી કરવી. ⇧ | | | નિયમિત વાચન કરવું. ⇦ | |
| | ⇨ વહેલા ઊઠવું. | | | ઝઘડો કરવો. ⇧ |
| ⇧  | | | | |

## વિચારો અને લખો :

| | | | |
|---|---|---|---|
|  | ૩ +૨ | ૬ | વાગી જશે. |
|  | | ૨ | દાઝી જશે. |
|  | | ૫ | કપાઈ જશે. |
|  | | ૩ | લપસી જશે. |
|  | | ૧ | ભટકાઈ જશે. |
|  | | ૭ | પાણી વહી જશે. |
|  | | ૪ | અકસ્માત થશે. |

## વિચારો અને કહો :

- અમિત બ્રશ કરવામાં ઉતાવળ કરે તો...
- નયન શાળાના મેદાનમાં કાચના ટુકડા નાખે તો...
- માયા ભીના હાથે પંખાની સ્વિચ ચાલુ કરે તો...
- અંધ વ્યક્તિ રસ્તો ઓળંગવામાં મદદ માગે તો...
- વિશાલ ગમે ત્યાં થૂંકે તો...
- નીરુ ફૂલછોડને નુકસાન કરે તો...
- છાયા તેની મોટી બહેનને સતત ચીડવતી હોય તો...

## વિચારો અને લખો :

| શું થયું ? | કોને થયું ? | ક્યાં થયું ? | કેવી રીતે થયું ? | શું શીખ્યા ? |
|---|---|---|---|---|
| લપસી પડ્યાં | મમ્મીને | ઘરમાં | પાણી ઢોળાવાથી | પાણી ગમે ત્યાં ઢોળવું નહિ. |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

❖

# ૨

# ખાધા વિના કંઈ ચાલે ?

**જુઓ અને લખો :**

**ચર્ચા :**




______________ ______________ ______________

______________ ______________ ______________

**જુઓ અને ચર્ચા કરો :**








- જોયું, શિયાળે ખોરાક મેળવવા કેવી ચાલાકી કરી.

## વિચારો અને કહો :















## ચર્ચા :

- ભૂખ લાગે તો શું થાય ?

| | | |
|---|---|---|
| મને બહુ ભૂખ લાગે તો થાક લાગે છે.  | મને બહુ ભૂખ લાગે તો ગુસ્સો આવે છે.  | મને બહુ ભૂખ લાગે તો હું રડું છું.  |

## વાચન :

- મને ભૂખ લાગી છે એવું ક્યાં સાંભળ્યું છે ?
- તમને ભૂખ લાગે તો શું-શું થાય છે ?
- વિચારો, જો તમને જમવાનું ન મળે તો શું થાય ?

## લખો :


- તમે ખાધેલા ખોરાકની વિગત નોંધો.

| સવારે | બપોરે | સાંજે |
|---|---|---|
| ________ | ________ | ________ |
| ________ | ________ | ________ |
| ________ | ________ | ________ |
| ________ | ________ | ________ |

આપણને ભૂખ લાગે છે. આપણા શરીરને ખોરાક જોઈએ. ખોરાક શરીરને શક્તિ પૂરી પાડે. ખોરાક લેવાથી રમવું, ભણવું, દોડવું વગેરે કામ સારી રીતે થાય. ભૂખ્યા પેટે કામ કરવાની મજા ન આવે. તમને ભૂખ લાગે તો તમે શું ખાશો ? વિચારો.

## વર્ગખંડની રમત :

- ઉંદરભાઈને પર્વતની ટોચ પર પહોંચવાનો રસ્તો બતાવો.



## ચર્ચા :

- ખુલ્લો ખોરાક ખાવાથી શું થાય ?



## વિચારો અને કહો :



- છોકરી બીમાર કેમ પડી હશે ? ચર્ચા કરો.
- છોકરીએ બજારમાંથી શું લઈને ખાધું હશે ?
- શરીરને નુકસાન કરે તેવા ખોરાક કયા કયા છે ?

## વાંચો અને સમજો :

શાળામાં રિસેસનો સમય છે. મેદાનમાં જયદીપ, શબનમ અને નેન્સી નાસ્તો કરવા બેઠાં છે. તેઓની વાત તમે પણ સાંભળો.

નેન્સી : હું બ્રેડ-બટર લાવી છું.

શબનમ : અરે, જયદીપના ડબામાં સિંગ-દાળિયા છે.

જયદીપ : શબનમ તું શું લાવી છે ?

શબનમ : હું તો મસાલેદાર બટાકા લાવી છું, તમે ચાખો.

નેન્સી : વાહ ! મને બટાકા બહુ ભાવે, લાવ.

### ચર્ચા કરો :

- કેવો ખોરાક ખાવાથી તાકાત આવે છે ?
- વાસી ખોરાક ખાવામાં આવે તો શું થાય ?
- ખોરાક વાસી છે તેમ કેવી રીતે જાણી શકાય છે ?

હંમેશાં તાજો ખોરાક ખાઈએ. શાકભાજી ધોઈને વાપરીએ. બજારુ, ખુલ્લો અને વાસી ખોરાક ખાઈએ, તો આપણા આરોગ્યને નુકસાન થાય.

### લખો :

- વાસી ખોરાક ખાઈએ તો શું-શું થઈ શકે ?

______, ______, ______, ______, ______.

______, ______, ______, ______, ______.

- બજારમાં મળતો કેવો ખોરાક ખાવાથી બીમાર પડી જવાય ?

______, ______, ______, ______, ______.

______, ______, ______, ______, ______.

### વિચારો અને કહો :

- તમને ભાવતી રસોઈ બનાવવાની રીત જાણો.

લખો :

ચર્ચા :

તહેવારો અથવા પ્રસંગોએ તમારા ઘરમાં કઈ કઈ વાનગીઓ રસોઈમાં બને છે ? અહીં કેટલાક તહેવારો અને પ્રસંગો લખેલા છે.

| દિવસ | ઘરમાં બનતી વાનગી |
|---|---|
| ઈદ | |
| દિવાળી | |
| જન્માષ્ટમી | |
| નાતાલ | |
| લગ્ન | |
| | |
| | |
| | |

- તમારા ઘરે મહેમાન આવે ત્યારે રસોઈમાં શું-શું બનાવાય છે ?

- તમને શું-શું જમવાનું ગમે છે ?

### ખરું કહેવાય !

- આસપાસ જોવા મળતાં જીવજંતુ, પશુ, પક્ષી કે માણસ જો ભૂખ્યાં કે તરસ્યાં હોય, તો ખાવાનું કે પીવાનું પાણી તેમનું જીવન ટકાવે છે.
- જમતી વખતે કરાતો અનાજનો બગાડ અટકાવીએ, તો ભૂખ્યા માણસની ભૂખ સંતોષી શકાય છે.
- ઘરના તમામ સભ્યો જમી રહ્યા પછી એંઠવાડ પશુ-પંખીને ખવડાવવાનું રાખવું. જેનાથી તેમને ભોજન મળે છે.

❖

# ૩

# જીવ છે કે નહિ ?

**રંગ પૂરો :**


- જીવ હોય તો ▇ અને જીવ ન હોય તો ▇ રંગ પૂરો :

| | | |
|---|---|---|
|  છોકરી |  પુસ્તક |  સાઇકલ |
|  દડો |  ઝાડ |  પંખો |
|  કૂતરો |  ચકલી |  છોકરો |

લખો :

| જીવ હોય તેનાં નામ | જીવ ન હોય તેનાં નામ |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |

વિચારો અને લખો :



લખો :

ચર્ચા :



| જીવ છે. | જીવ નથી. |
|---|---|
| છોડ | ટેબલ |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

વાચન :



- આ ઈંડામાંથી પક્ષી બહાર આવ્યું છે.
- પક્ષીનો વિકાસ થાય છે.
- પક્ષી પોતાનાં જેવાં બીજાં પક્ષીને જન્મ આપે છે.
- પક્ષીમાં જીવ છે, તેથી પક્ષી સજીવ કહેવાય છે.

- છોડનો વિકાસ થાય છે. તેનામાં જીવ હોય છે.
- છોડ મોટો થઈને વૃક્ષ બને છે.
- વૃક્ષના બીજમાંથી બીજો છોડ ઊગે છે.
- છોડમાં જીવ છે, તેથી છોડ સજીવ કહેવાય છે.





- ટેબલ-ખુરશી લાકડાંમાંથી બને છે.
- ખુરશી પ્લાસ્ટિકની અને લોખંડની પણ હોય છે.
- ખુરશીનો વિકાસ થતો નથી.
- ખુરશી બીજી ખુરશીને જન્મ આપતી નથી.
- ખુરશીમાં જીવ નથી, તેથી ખુરશી નિર્જીવ છે.

- પંખો વીજળીથી ચાલે છે.
- પંખાનો વિકાસ થતો નથી.
- પંખો બીજા પંખાને જન્મ આપતો નથી.
- પંખામાં જીવ નથી, તેથી તે નિર્જીવ છે.



## પ્રૉજેક્ટ :

| ક્રમ | શું જોયું? | જાતે હલનચલન કરે છે ? | | વિકાસ પામે છે ? | | તેમાં જીવ છે ? | | આવું બીજે ક્યાં જોવા મળે છે ? |
|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | હા | ના | હા | ના | |
| ૧. | ટેબલ | | ✓ | | ✓ | | ✓ | ઑફિસમાં |
| ૨. | માખી | ✓ | | ✓ | | ✓ | | ઘરમાં |
| ૩. | ઝાડ | | | | | | | |
| ૪. | કબાટ | | | | | | | |
| ૫. | | | | | | | | |
| ૬. | | | | | | | | |
| ૭. | | | | | | | | |
| ૮. | | | | | | | | |
| ૯. | | | | | | | | |
| ૧૦. | | | | | | | | |

### સજીવોની યાદી તૈયાર કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| માખી | | | | | |

### નિર્જીવોની યાદી તૈયાર કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ટેબલ | | | | | |

- પ્રૉજેક્ટ-કાર્ય સિવાયના અન્ય સજીવ અને નિર્જીવની યાદી તૈયાર કરો.

વાર્તા :



## લખો :

(૧) મૂર્તિકારે કેટલી મૂર્તિઓ બનાવી ?

(૨) મૂર્તિકારે કેવી મૂર્તિઓ બનાવી ?

(૩) યમરાજે શું કહ્યું ?

(૪) મૂર્તિકાર શું બોલ્યો ?

## વિચારો અને કહો :


- હું ખોરાક લઉં છું. — સજીવ / નિર્જીવ
- મારું કદ કે આકાર બદલાતો નથી. — સજીવ / નિર્જીવ
- હું બચ્ચાંને જન્મ આપું છું. — સજીવ / નિર્જીવ
- હું વિકાસ પામું છું. — સજીવ / નિર્જીવ
- હું શ્વાસ લેતો નથી. — સજીવ / નિર્જીવ

❖

# કેટલું શીખ્યા ? - ૧

અવલોકન :

જુઓ, કહો અને લખો.



| સજીવ | સફાઈનાં સાધનો | ખાવાની વસ્તુઓ |
|---|---|---|
| ચકલી | | |
| | | દ્રાક્ષ |
| | ડોલ | |
| | | |
| | | |

## લખો :

ઉદાહરણ મુજબ ખોરાકની ખૂટતી કડીઓ પૂરો :

| રોટલી | લોટ | ઘઉં | ખેતર | ખેડ |
|---|---|---|---|---|
| ઘી | | | | ગાય |
| ચટણી | | | | જમીન |
| મમરા | | | | પાણી |
| સેવ | | | | જમીન |

## કોયડો :

- હલનચલન કરતાં પાંચ સજીવ શોધો.
- પાંચ નિર્જીવ વસ્તુઓ શોધો.
- પાંચ વનસ્પતિનાં નામ શોધો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક | જ | ખા | ન | ટા | ળ | ટે | રે | ડ |
| ગો | ફો | પ | ભ | ઢ | હા | બ | ના | ગુ |
| ના | પ | તં | ગિ | યું | કા | લ | ખો | ટી |
| ગો | ઉ | ગ | સ | દે | ચીં | ભા | ક | ની |
| આં | બો | ધૌ | લી | મ | ડો | છે | તી | બ |
| બ | ર | બ | ર | ગ | તો | વ | ડ | લો |
| લી | ડી | તી | ન | ફ | ણ | સ | લે | ખં |
| સા | દુ | જે | ણ | બી | મો | દો | લી | ડ |
| ખિ | સ | કો | લી | ઘો | અં | ચી | પી | યા |

## વિચારો અને લખો :

સારી બાબતો

- ______________________
- ______________________
- ______________________

ખરાબ બાબતો

- ______________________
- ______________________
- ______________________

- કોયડામાંથી શોધેલ બાબતો નીચે લખો અને અન્ય બાબતો ઉમેરો :

| હલનચલન કરતાં સજીવ | નિર્જીવ | વનસ્પતિ |
|---|---|---|
| પતંગિયું | રબર | આંબલી |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

- હલનચલન કરતાં હોય છતાં નિર્જીવ હોય તેવાં નામ લખો :

______________________

______________________

- હલનચલન કરતાં હોય અને ઊડતાં હોય તેવા સજીવનાં નામ લખો :

______________________

______________________

લખો :

**તમારો મિત્ર કેવું વર્તન કરે તો તમને ગમે ?**

- કચરો કચરાપેટીમાં જ નાખે.
- 
- 
- 
- 
- 
- 
- 
- 
- 
- 
- 
- 

❖

## ૪


# મારું ....

### અવલોકન :









### તમારા ઘરનું ચિત્ર દોરી રંગ પૂરો :

## વિચારો અને લખો :

- તમારું મકાન બનાવવા વપરાયેલ વસ્તુ નીચે √ કરો :


| | | | |
|---|---|---|---|
| ઈંટો | રેતી | માટી | લાકડું |
| સિમેન્ટ | લોખંડ | પથ્થર | ઘાસ |
| દેશી નળિયાં | પતરાં | પાકાં નળિયાં | વાંસ |
| કાપડ | છાણ | કપચી | પ્લાસ્ટિક |

- પાકા મકાનની દીવાલો પથ્થર, ઈંટ, રેતી, સિમેન્ટની બનેલી હોય છે. પાકાં મકાનને નળિયાં, પતરાં કે સિમેન્ટનું ધાબું હોય અને તળિયે પણ પથ્થર કે લાદી હોય છે.

- કાચાં મકાનની દીવાલો અને છત વાંસ, ઘાસ, કાપડ, પતરાં, નળિયાં કે માટીની બનેલી હોય છે. કાચાં મકાનનું ભોંયતળિયું માટી, લીપણ કે છાણનું બનેલું હોય છે.


ચર્ચા :





## રંગ પૂરો :

## અવલોકન :



## જુઓ અને લખો :

ચિત્રમાં દેખાતી વસ્તુઓનાં નામ લખો :

| | | |
|---|---|---|
| માટલી | | |
| | | |
| | | |

## લખો : ચિત્રમાં દર્શાવ્યા સિવાયની ઘરમાંની વસ્તુઓનાં નામ લખો :

## ચર્ચા કરો :

- રાંધવા માટે ઘરમાં કયાં કયાં વાસણો વપરાય છે ?
- ઘરના આંગણાની સફાઈ કોણ કરે છે ? તે કચરો ક્યાં નાખે છે ?
- તમારું ગામ/શહેર વધુ ચોખ્ખું રાખવા તમે શું કરશો ?

## વિચારો અને કહો :

- ઘરે એકલા હોય, તો તમને કેવું લાગે ?

તમે કોની બાજુમાં રહો છો ? ચાલો, તમારાં પાડોશીઓનાં નામ લખો :

| તમારાં પિતા અને માતાનાં નામ | જમણી બાજુ રહેતાં પાડોશી | ડાબી બાજુ રહેતાં પાડોશી | સામે રહેતાં પાડોશી | પાછળ રહેતાં પાડોશી |
| --- | --- | --- | --- | --- |
| | | | | |

## ચર્ચા :

## લખો :

- તમારા મિત્રોના પાડોશી કોણ કોણ છે તે જાણો.
- તમારા ગામમાં રહેતાં વિવિધ લોકોની જ્ઞાતિનાં નામ લખો.

| | | |
| --- | --- | --- |
| | | |
| | | |
| | | |
| | | |

ગામમાં સૌ લોકો હળીમળીને રહેતાં હોય છે. સાથે મળીને તહેવારો, ઉત્સવો અને પ્રસંગો ઊજવતા હોય છે. તે માહિતી જાણીને લાવો.

ચર્ચા :

લખો :

- લોકો સાથે મળીને ઊજવતા હોય તેવા તહેવારો કયા કયા છે ?

- ઘરમાં ઊજવાતા તહેવારો કયા કયા છે ?





- ઘર કે ચોકને શણગારવા કઈ કઈ વસ્તુઓ વપરાય છે ?

- તમારા જેવો જ પહેરવેશ કઈ જ્ઞાતિના લોકો પહેરે છે ?

- તમારા કરતાં જુદો પહેરવેશ કઈ જ્ઞાતિના લોકો પહેરે છે ?

## અવલોકન :


## લખો :

| પોશાક / લોકો |  |  |  |  |  |  |  |  |  |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ખેડૂત | | | | | | | | | |
| વેપારી | | | | | | | | | |
| પશુ-પાલક | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

## ચર્ચા :

- ગામના લોકોના પહેરવેશ વિશે ચર્ચા કરો.

ગીત :



## મેળો

ચાલો જોવા જઈએ મેળો, ચાલો જોવા જઈએ.
મેળામાં મજા કરીશું, ચાલો જોવા જઈએ.
મેળામાં જઈ શું-શું કરશું. (૨)
ચગડોળે બેસીને ફરશું,
હાથી-ઘોડે બેસી રમશું. ચાલો જોવા...
મેળામાં જઈ શું-શું કરશું. (૨)
ઠંડો ઠંડો આઈસક્રીમ ખાઈશું.
ગરમ ગરમ સીંગ ખાઈશું, ચાલો જોવા...
મેળામાં જઈ શું-શું કરશું. (૨)
ભાઈલા માટે શું-શું લઈશું ?
ભાઈલા માટે ઘૂઘરો લઈશું.
બહેની માટે શું-શું લઈશું ?
બહેની માટે બંગડી લઈશું, ચાલો જોવા...

**આ ગીતને વધુ લાંબું કરી ગાઈ શકાય, જેમકે... મમ્મી માટે, પપ્પા માટે, દાદા માટે, દાદી માટે... શું-શું લઈશું ? જોડીને ગાઈ શકાય.**

૧. તમે મેળામાં ગયા છો ? ક્યાં ?

૨. તમારાં ગામમાં કે આસપાસમાં મેળો ભરાય છે ? ક્યાં ?

૩. એ મેળો ક્યારે ભરાય છે ?

૪. મેળામાં શું-શું હોય છે ?

**અવલોકન :**


| ધાર્મિક સ્થળો | જોવાલાયક સ્થળો |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

**ચર્ચા :**



## પ્રવૃત્તિ :

તોરણ બનાવો.




### આટલું જાણો :

- બરફના ચોસલામાંથી બનાવેલા ઘરને ઈગ્લુ કહેવાય છે.
- ઈગ્લુમાં કયા લોકો રહે છે?
- આપણો સૌથી લાંબો ચાલતો તહેવાર કયો છે ?
- ઘરેણાં કઈ કઈ ધાતુમાંથી બને છે ?


❖


# ૫

# આસપાસમાં રહેનારાં

રંગ પૂરો :









**વાચન :**

વિવેક અને ધારા બગીચામાં છે. અહીં તે વાતો કરે છે.

**વિવેક** : ધારા, જો વરસાદ પછી બગીચો કેવો ખીલી ગયો છે ?

**ધારા** : હા, ચારેબાજુ વૃક્ષોનાં પાન લીલાંછમ દેખાય છે.

**વિવેક** : અરે! ધારા, પેલા ઝાડ પર અને આસપાસ કેટલા સજીવ છે ?

**ધારા** : અહીં અનેક સજીવો દેખાય છે. જો આ શું છે ?

**વિવેક** : હા, એ તો રંગ બદલી શકે છે. એ કાચિંડો છે.

**વિવેક** : આપણી આસપાસ જોવાં મળતાં પ્રાણીઓની યાદી બનાવીએ.

**લખો :**

- તમારી આસપાસનાં પશુ, પક્ષી અને જીવજંતુનાં નામ લખો :

| ઉંદર | કૂતરો | કાબર | પતંગિયું |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

અવલોકન :

લખો :

| નામ | શાના વડે ખોરાક લે છે ? | | એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું | | | પગ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | મોઢેથી | ચાંચથી | ઊડવું | ચાલવું | સરકવું | બે | ચાર | વધારે |
| કૂતરું | ✓ | | | ✓ | | | ✓ | |
| કાબર | | ✓ | ✓ | | | ✓ | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

વાચન :

**વિવેક** : બધાં પ્રાણીઓની ખાવાની, ચાલવાની અને શરીર-સફાઈની ટેવ અલગ અલગ હોય છે તેની તને ખબર છે ?







**ધારા** : હા, અમુક પ્રાણીઓ પેટની મદદથી ચાલે છે. તેને સરકવું કહેવાય છે.

**વિવેક** : બીજાં કયાં પ્રાણીઓ છે, જેની ચાલવાની રીત અલગ છે ?

લખો :

- ચાલે :
- ઊડે :
- સરકે :

**વિવેક :** ધારા, પ્રાણીઓની ખોરાક લેવાની ટેવ પણ અલગ હોય છે ?

**ધારા :** હા, મને ખબર છે. બગલો ચાંચથી પકડીને ખોરાક લે છે. બકરી મોઢેથી ખોરાક લે છે. ખિસકોલી ખોરાક લેવા મોઢું અને તેના આગળના બે પગનો ઉપયોગ કરે છે. કૂતરું પણ એ રીતે જ ખાય છે. સાપ, દેડકો અને ગરોળી ખોરાક ગળીને ખાય છે.

અવલોકન : લખો :

- ચાંચથી :
- મોઢેથી :





વાચન :

**ધારા :** વિવેક, આપણી જેમ પશુ-પક્ષી પણ તેમનું શરીર સાફ રાખે છે.

લખો :

- ચાંચથી :
- જીભથી :
- પાણીથી :

વિવેક : આજે તો ઘણાં પ્રાણીઓ વિશે માહિતી એકઠી કરી.

અવલોકન : લખો :



- કાબર કરતાં નાનું કે મોટું ?
- તેનો રંગ કેવો છે ?
- તે શું ખાય છે ?

- કાબર કરતાં નાનું કે મોટું ?
- તેનો રંગ કેવો છે ?
- તે શું ખાય છે ?





- બિલાડી કરતાં નાનું કે મોટું ?
- તેનો રંગ કેવો છે ?
- તે શું ખાય છે ?

- બિલાડી કરતાં નાનું કે મોટું
- તેનો રંગ કેવો છે ?
- તે શું ખાય છે ?





- માખી કરતાં નાનું કે મોટું ?
- તેનો રંગ કેવો છે ?
- તે શું ખાય છે ?

- માખી કરતાં નાનું કે મોટું ?
- તેનો રંગ કેવો છે ?
- તે શું ખાય છે ?



## વાંચો અને વિચારો :

**પક્ષી** : કબૂતર, પોપટ, ચકલી, બતક વગેરે ઈંડાં મૂકે છે. તેઓ ઊડી શકે છે. તેમને આપણે પક્ષી તરીકે ઓળખીએ છીએ.

**પશુ** : ગાય, ભેંસ, બકરી, વાંદરો, હરણ વગેરે બચ્ચાંને જન્મ આપે છે. તેમને આપણે પશુ તરીકે ઓળખીએ છીએ. તેઓ પક્ષીની જેમ ઊડી શકતાં નથી.

**જીવજંતુ**: કીડી, વંદો, માખી, મચ્છર, કરોળિયો વગેરે કદમાં નાનાં હોય છે. તેમને આપણે જીવજંતુ તરીકે ઓળખીએ છીએ. તેઓ પણ ઈંડાં મૂકે છે.

## અવલોકન :

| પશુ (પ્રાણી) | પક્ષી | જીવજંતુ |
|---|---|---|
| બકરી | કોયલ | માખી |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

લખો :

ચિત્રોની જોડ બનાવો.

















વિચારો અને કહો :

લખો :

| નામ | ઉપયોગ |
|---|---|
| બળદ | ખેતીકામ માટે ઉપયોગી છે. |
| | |
| | |
| | |
| | |

## ૬

# અંધારું-અજવાળું

### વાચન :

મારું નામ ચાર્મી છે. મારા પિતાજી મીઠાઈ બનાવીને વેચે છે. મારી માતા તેમને મદદ કરે છે. હું સવારે વહેલી જાગું છું. મારો નાનો ભાઈલો સાત વાગે જાગે છે. અમે બધાં ચા-નાસ્તો કરીએ છીએ. પિતાજી દુકાને જાય પછી મારી મમ્મી જમવાનું બનાવે છે. અમે શાળામાં જવા તૈયાર થઈએ છીએ. શાળામાં આખો દિવસ ભણીને સાંજે ઘરે આવીએ છીએ. હું અને ભાઈલો નાસ્તો કરીએ છીએ. પિતાજી આવે પછી સૌ સાથે જમીએ છીએ. રાત પડતાં અમે સૂઈ જઈએ છીએ. રાત્રે આખા ગામમાં શાંતિ થઈ જાય છે.

### વિચારો અને કહો :







### લખો :

ચાર્મી સવારે ______ વાગે જાગે છે. તેનો એક નાનો ભાઈ છે. બંને સવારે ______ વાગે જમે છે. શાળામાં ______ પ્રાર્થના ગવડાવે છે. શાળામાં રમતી વખતે તેનો પડછાયો નાનો હોય છે. ઘરે આવતાં તેનો પડછાયો ______ તરફ પડે છે.

## લખો :

**યોગ્ય જવાબની નીચે ☑ કરો.**


| | | | | |
|---|---|---|---|---|
| ચાર્મી ઘરે ગઈ ત્યારે સૂરજ કઈ તરફ છે ? | ડાબી | જમણી | આગળ | પાછળ |
| | | | | |
| ચાર્મી બપોરે રમે છે ત્યારે સૂરજ કઈ તરફ છે ? | ઉપર | નીચે | સામે | પાછળ |
| | | | | |

## લખો :

મારું નામ ______ છે. હું સવારે ______ વાગે જમું છું. મારી શાળામાં ______ પ્રાર્થના ગવડાવે છે. હું સવારે શાળામાં જાઉં ત્યારે ______ તરફ હોય છે. મારી ડાબી તરફ હોય ત્યારે પડછાયો ______ તરફ પડે છે. મારો પડછાયો ડાબી તરફ હોય ત્યારે ______ તરફ હોય છે.

## પ્રવૃત્તિ :

પડછાયો જોઈ સૂરજનું સ્થાન દોરો.



## લખો :

| | |
|---|---|
| તમે શાળામાં આવો ત્યારે સૂરજ તમારી કઈ તરફ હોય છે ? | |
| તમે ઘરે જાઓ ત્યારે સૂરજ તમારી કઈ તરફ હોય છે ? | |
| તમારો ટૂંકો પડછાયો ક્યારે પડે છે ? | |
| તમારો લાંબો પડછાયો ક્યારે પડે છે ? | |

## અવલોકન :



- લીમડાની નીચે પડછાયો છે.
- પાણીની ટાંકી પાસે પડછાયો છે.
- ઓરડાની બાજુમાં પડછાયો છે.
- આ છાંયડામાં વિદ્યાર્થીઓ બેઠા છે.

## રંગ પૂરો :

તમે શાળામાં આવો ત્યારે જે જગ્યાએ તડકો હોય ત્યાં 🟡 અને છાંયડો હોય ત્યાં ⚫ રંગ પૂરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| વરંડાની પાસે | ○ | પાણીની ટાંકી પાછળ | ○ | ઝાડની નીચે | ○ |
| ઓરડાની ડાબી તરફ | ○ | ઓરડાની જમણી તરફ | ○ | પાણીની ટાંકી તરફ | ○ |
| ઝાડની ડાબી તરફ | ○ | પાણીની ટાંકીની આગળ | ○ | ઝાડની જમણી તરફ | ○ |
| ઓરડાની પાછળની તરફ | ○ | ઓરડાની આગળની તરફ | ○ | વરંડાની બહારની તરફ | ○ |
| પ્રાર્થના થાય છે ત્યાં | ○ | ધ્વજદંડની પાસે | ○ | સ્વચ્છતા-સંકુલની જમણી તરફ | ○ |
| સ્વચ્છતા સંકુલની ડાબી તરફ | ○ | સ્વચ્છતા-સંકુલની આગળ | ○ | સ્વચ્છતા-સંકુલની પાછળ | ○ |

## ગીત :

નાના-મોટા સૌ દાદા કહેતાં,
શિયાળે મારી રાહ જોતાં,
સૌ ઉનાળે ખૂબ કંટાળે,
મારી ગરમી સૌને દઝાડે.



ત્રણ અક્ષરનું મારું નામ, સૌને તપાવવાં મારું કામ,
જો તમે સૌ ઓળખી જાઓ, તો ઝટપટ બતાવો મારું નામ.



નાના-મોટા સૌ મામા કહેતાં,
રાત્રે મારી રાહ જોતાં,
કાયમ હું તો સૌને ગમું,
અડધો-આખો જોવા મળું.

નાનું અમથું મારું નામ, ઠંડક આપવી મારું કામ,
જો તમે સૌ ઓળખી જાઓ, તો ઝટપટ બતાવો મારું નામ.



નાના-નાના ટમટમ કરતા,
રાતે અમે કાયમ ભમતા.
ટમ-ટમ, ટમ-ટમ ટમક્યા કરું,
કાયમ માટે ચમક્યા કરું.

બે અક્ષરનું મારું નામ, ઝબૂકતા રહેવું મારું કામ,
જો તમે સૌ ઓળખી જાઓ, તો ઝટપટ બતાવો મારું નામ.

## અવલોકન :



- હું સૂરજ છું.
- હું પ્રકાશ અને ગરમી આપું છું.
- હું પૂર્વ દિશામાંથી આવું ત્યારે સવાર થાય છે.
- હું પશ્ચિમ દિશામાં સંતાઉ એટલે રાત થાય છે.
- હું હોઉં એટલે સવાર, બપોર કે સાંજ હોય.





- હું ચંદ્ર છું.
- મારી કળા રોજ બદલાય છે.
- એકમથી પૂનમ સુધી મારી કળા વધતી જાય છે.
- મારી કળા વધવી એટલે અજવાળિયું.
- પૂનમ પછીના દિવસો એટલે અંધારિયું.
- પૂનમ પછી મારી કળા ઘટતી જાય છે.

- અમે તારા.
- ટમટમતા તારા.
- વાહ ! તારા એટલે તારા, ટમટમતા તારા.
- ચાંદામામા હોય કે ન હોય તોપણ અમે દેખાઈએ.
- સૂરજ હોય ત્યારે અમે ન દેખાઈએ.
- સૂરજ પણ એક તારો છે.



## અવલોકન :

- ચંદ્રની કળા બાજુના ખાનામાં દોરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | સોમ | | ૬. | મંગળ | |
| | / / | | | / / | |
| ૨. | ગુરુ | | ૭. | શુક્ર | |
| | / / | | | / / | |
| ૩. | રવિ | | ૮. | સોમ | |
| | / / | | | / / | |
| ૪. | બુધ | | ૯. | ગુરુ | |
| | / / | | | / / | |
| ૫. | શનિ | | ૧૦. | રવિ | |
| | / / | | | / / | |

## વિચારો અને કહો :



એક દિવસ સૂરજદાદા બીમાર થયા. એમને ગરમીથી તાવ આવી ગયો. રાત તો પડી. સૂરજદાદા બીમાર છે. રાત્રે બધાં ભેગાં થયાં. હવે સવારે શું કરીશું ? બધાં વિચારમાં પડી ગયાં.

સૂરજદાદા કહે : હું સવારે આવું તો ખરો પણ... પણ... મારી શરત છે. બધાં કહે : દાદા! શી શરત છે? હવે વિચારો... વિચારો.

## લખો :

- સૂરજદાદાએ શી શરત કરી હશે ?
- ______
- ______
- ______



એક દિવસ નાનું બાળક રિસાયું. તેની મા કહે : ચાલ બેટા તને મામા બતાવું. ચાંદામામા. પણ આવું ન થઈ શક્યું. કારણ, ત્યારે અંધારિયું હતું. હવે... આ તો બાળક. બસ, રડતાં-રડતાં મને ચાંદામામા બતાવો. નાનું બાળક રડે તે કોને ગમે! હવે વિચારો.

## લખો :

- બાળક રડતું કઈ રીતે બંધ થાય ?
- ______
- ______
- ______

❖

# કેટલું શીખ્યા ? - ૨

રંગ પૂરો :

- તમને ગમતું ચિત્ર દોરો :

દોરેલા ચિત્રના આધારે પ્રશ્નોના જવાબ આપો :

- ચિત્ર સજીવનું છે કે નિર્જીવનું ?
- તે શામાંથી બને છે ?
- તે ક્યાં જોવા મળે છે ?
- તેનો ઉપયોગ શું છે ?
- તે પર્યાવરણને ફાયદો કરે છે કે નુકસાન ?

## વર્ગખંડની રમત :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ઘ ૧ | ડો | ■ | ૨ | ૩ | | | ૪ |
| ■ | ■ | ■ | ■ | ૫ | | ■ | |
| ૬ | ૭ | ■ | ■ | | ■ | ■ | |
| ■ | | ■ | ■ | ૮ | | ૯ | ■ |
| ૧૦ | | ■ | ૧૧ | ■ | ■ | | ■ |
| ■ | ■ | ૧૨ | | | ■ | | ■ |

### આડી ચાવી :

૧. પાણી ભરવાનું પાત્ર .......(૨)

૨. તેનાં પાંદડાંનું તોરણ બને છે. (૫)

૫. મધપૂડામાંથી મળે છે. (૨)

૬. મીઠાઈ પર બેસે છે. (૨)

૮. કંપાસમાં જોવા મળે છે. (૩)

૧૦. ચડતાં-ઊતરતાં ....... પર ધક્કામુક્કી ન કરાય. (૨)

૧૨. તેના વડે કાગળ કાપીએ છીએ. (૩)

### ઊભી ચાવી :

(૩) રવિવાર પછી આવતો વાર છે. (૪)

(૪) જાહેરમાં ખરાબ ....... ન કરાય. (૩)

(૭) રાત્રે હળવા ખોરાક તરીકે.....જમાય. (૩)

(૯) તેમાં ચા પીવામાં આવે છે. (૩)

(૧૧) દિવસ પછી ....... પડે. (૨)

વાચન :

રજા પડી. મૌનસ મામાના ઘરે ગયો. બસમાંથી ઊતરી રિક્ષામાં બેઠો. મામાનું ઘર આવ્યું. મામા ઘરે જ હતા. મામા મોટર-સાઇકલ પર હેલ્મેટ પહેરીને બેઠા. મામા મૌનસ અને હિરલને મોટર-સાઇકલ પર વાડીએ લઈ ગયાં. વાડીમાં મોર અને હરણ હતાં. પતંગિયું અને ખિસકોલી પણ હતાં. ખેતરમાં કપાસ અને બાજરી વાવ્યાં હતાં. અહીં વડ અને ચીકુનાં ઝાડ પણ હતાં. ખેતરમાં મગફળી અને કેરી ખાધાં. પછી, મામા સાથે મોટર-સાઇકલ પર બેસી ગામમાં આવ્યાં.

ઘરે આવી હિરલ અને મૌનસ બજારમાં ગયાં. અહીં મીઠાઈની દુકાનો હતી. ત્યાં માખીઓ બણબણતી હતી. બીજી દુકાને ગયાં. ત્યાં  કાચની બરણીમાં મીઠાઈ હતી. અહીંથી મામાએ એક કિલો જલેબી ખરીદી. પાછાં ઘરે આવતાં રાત પડી ગઈ. મામીએ બટાકાનું અને કારેલાનું શાક બનાવ્યું હતું. રાત્રે શાક, જલેબી, રોટલી અને દૂધ જમીને ઘરના ધાબા પર સૂવા ગયાં. આકાશમાં ચંદ્ર અને તારા દેખાતા હતા. અમે બધાં તારા જોતાં જોતાં ઊંઘી ગયાં.

કૂકડો બોલ્યો. સવાર પડી. અમે બધાં જાગ્યાં. પંખીઓ કલરવ કરતાં હતાં. મામી સાવરણી વડે સફાઈ કરતાં હતાં. મૌનસ અને મામાએ તેમને મદદ કરી. દાતણ કરીને દૂધ પીધું. મૌનસ અને હિરલ ગામમાં ગયાં. ગામમાં કાચાં અને પાકાં ઘર હતાં. રસ્તાઓ પર કચરાપેટીઓ હતી.

બપોર પછી મૌનસ ઘરે જવા નીકળ્યો. મૌનસને પરત ગામમાં ઘરે પહોંચતાં સાંજ પડી. રાતે જમીને દાદા સાથે વાતો કરતાં કરતાં સૂઈ ગયો.

## વાર્તામાંથી શોધીને લખો:

પશુ :

પક્ષી :

જીવજંતુ :

સાફ-સફાઈનાં સાધનો :

વાહનો :

ખાવા-પીવાની વસ્તુઓ :

લખો :

| અવલોકન | શું શીખ્યાં ? |
| --- | --- |
| પક્ષીઓ | આકાર, રંગ, ખોરાક અન્ય ક્રિયાઓ |
| સજીવ | |
| નિર્જીવ | |
| રહેઠાણ | |
| પોશાક | |
| ખોરાક | |
| પશુ | |
| જીવજંતુ | |

લખો :

- ગામનાં ધાર્મિક સ્થળોનાં નામ લખો :

- લોકો ક્યારે સાથે મળીને જમે છે ?

❖

પર્યાવરણ

# મારી આસપાસ

## ધોરણ 3

(દ્વિતીય સત્ર)

# ૭

# મૌનસ મામાને ગામ

## વિચારો અને કહો :

- ટપાલ બીજા ગામ કે શહેરમાંથી તમારા સુધી કેવી રીતે પહોંચે છે ?
- દવાખાનામાં તમને કોણ કોણ મદદ કરે છે?
- ગામ કે શહેરમાં રસ્તા, દીવાબત્તી, ગટરની સગવડ કોણ કરે છે ?
- 

આવું ચિત્ર ક્યાંય જોયું છે ?
- આઈસક્રીમ શાનો બનેલો હોય છે ?

## વાચન :

મૌનસ શહેરમાં રહે છે. તે દિવાળીની રજાઓમાં મામાને ગામ ફરવા ગયો. તેના મામાને આવકના દાખલાની જરૂર હતી. તેથી તે ગ્રામ-સચિવાલય (ગ્રામ-પંચાયત)માં દાખલો લેવા ગયા. મૌનસ પણ તેમની સાથે ગ્રામ-સચિવાલયમાં ગયો. ત્યાં તલાટી-કમ-મંત્રીએ તેમને દાખલો કાઢી આપ્યો.

**મૌનસ :** અહીં કોણ કામ કરે છે ?

**મામા :** ગ્રામ-સચિવાલય (ગ્રામ-પંચાયત)માં ગામના વડા સરપંચ અને વહીવટ માટે તલાટી-કમ-મંત્રી હોય છે.

**મૌનસ :** અહીં ક્યાં-ક્યાં કામ થાય છે ?




**મામા :** અહીં શિક્ષણ, આરોગ્ય, રસ્તા, દીવાબત્તી, ગ્રામ-સફાઈ, પીવાનું પાણી, ગટરની સુવિધાનાં કામ થાય છે.

**મૌનસ :** અમારે ત્યાં તો ગ્રામ-સચિવાલય નથી !

**મામા :** બેટા, શહેરોમાં નગર સેવાસદન હોય છે. જેના વડા પ્રમુખ અને વહીવટ કરવા ચીફ ઑફિસર હોય છે. મોટાં શહેરોમાં મહાનગર સેવાસદન હોય છે. જેના વડા મેયર અને વહીવટ કરવા મ્યુનિસિપલ કમિશનર હોય છે.

## લખો :

- તમારે ત્યાં કઈ સંસ્થા છે ?

☐ ગ્રામ-સચિવાલય

☐ નગરપાલિકા (નગર સેવાસદન)

☐ મહાનગરપાલિકા (મહાનગર સેવાસદન )

- આ સંસ્થાના વડા કોણ છે ?

☐ સરપંચ

☐ પ્રમુખ

☐ મેયર

- આ સંસ્થાના વહીવટી અધિકારી કોણ છે ?

☐ તલાટી-કમ-મંત્રી

☐ ચીફ ઑફિસર

☐ મ્યુનિસિપલ કમિશનર

**લખો :**

- ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા કરે છે.

ગ્રામ-સચિવાલયથી પરત ફરતાં બંને પોસ્ટ-ઑફિસમાં ગયા. મામાએ પોસ્ટકાર્ડ લીધા. મામા પાસેથી એક પોસ્ટકાર્ડ લઈ મૌનસે તેના પપ્પાને પત્ર લખ્યો.

કોયડો :



લખો :

તમે મામાને પત્ર લખો તો તેમને પહોંચતા સુધી શું-શું આવે ?

- ____________
- ____________
- ____________
- ____________
- ____________
- ____________

પોસ્ટ-ઑફિસમાં નીચે જેવાં કામ થાય છે. જેમકે...

- ટપાલ અને મનીઑર્ડર પહોંચાડવા.
- વીમો ઉતારવો, નાની બચત, ટેલિફોન અને લાઈટબિલ ભરવાની સુવિધા હોય છે.

## પ્રવૃત્તિ :

અહીં પોસ્ટની વિવિધ ટિકિટ દર્શાવી છે. આવી બીજી ટિકિટ પણ ચોંટાડો.







## પ્રોજેક્ટ :



(અ) સ્થળ : ____________________

(બ) પોસ્ટ માસ્તરનું નામ : ____________________

(ક) ટપાલીનું નામ : ____________________

(ડ) પિનકોડ : ☐☐☐☐☐☐

## વિચારો અને લખો :

- તમારા ઘરે કોનો પત્ર આવ્યો ?
- ____________________
- ____________________
- ____________________

- પોસ્ટ-ઑફિસ તમને કઈ રીતે મદદરૂપ થાય છે ?
- 
- 

**વાચન :**

બીજા દિવસે સવારે મૌનસ વહેલો તૈયાર થઈ ગયો. તેના મામા સાથે ગામની બૅન્કમાં ગયો. મૌનસે જોયું તો બૅન્કમાં અનેક માણસો આવતા અને જતા હતા. કોઈ બૅન્કમાંથી રૂપિયા લે અને કોઈ આપે. મૌનસ જોતો જ રહ્યો. તેણે મામા સામે જોયું.



**મામા:** બૅન્કમાં આપણે રૂપિયા મૂકી શકીએ છીએ. તેમાંથી જરૂરિયાત મુજબ રૂપિયા પાછા પણ મેળવી શકાય છે. બૅન્કમાં આપણી કીમતી વસ્તુઓ, દાગીના સાચવવા લોકર હોય છે. બૅન્કમાંથી ઘર બનાવવા, ભણવા, વાહન લેવા અને ખેતી માટે સહાય (લોન) પણ મળે છે.

## પ્રૉજેક્ટ :

(અ) બૅન્કનું નામ : ______

(બ) બૅન્કનું સરનામું : ______

(ક) બૅન્ક મૅનેજરનું નામ : ______

(ડ) તમને કઈ કઈ રીતે મદદ કરે છે ?

- ______
- ______
- ______
- ______





### વિશેષ

ATM કાર્ડની મદદથી આપણે કોઈ પણ બૅન્કના ATM બૂથમાંથી રૂપિયા ઉપાડી શકીએ છીએ.

## વાચન :

બપોરનો સમય હતો. મૌનસ અને તેના મામા ઘર તરફ પાછા આવી રહ્યા હતા. રસ્તામાં એક કિશોર અચાનક ચક્કર આવી જતા નીચે પડી ગયો. મામાએ આ જોયું. તેમણે ૧૦૮ નંબર ડાયલ કર્યો. થોડા જ સમયમાં ઍમ્બ્યુલન્સ આવી પહોંચી. તેમાં આ કિશોરને દવાખાને લઈ ગયા.



દવાખાનામાં ડૉક્ટર, નર્સ, કમ્પાઉન્ડર અને બીજાં હાજર હતાં. આ દવાખાનું નાનું હતું.

**મૌનસ :** મામા શહેરમાં તો મોટું દવાખાનું હોય ! અહીં ....

મામાએ મૌનસને અટકાવીને કહ્યું : 'હા, આ પ્રાથમિક આરોગ્ય-કેન્દ્ર છે. શહેરમાં મોટી સરકારી હૉસ્પિટલ હોય છે.'

**પ્રોજેક્ટ :**

**વિચારો અને લખો :**

- નીચેના પૈકી તમારી નજીકમાં શું છે ?

☐ પ્રાથમિક આરોગ્ય-કેન્દ્ર ☐ હૉસ્પિટલ

- ડૉક્ટરનું નામ : ______
- નર્સનું નામ : ______
- અહીં કઈ કઈ સારવાર અપાય છે ? ______
- તમને કઈ કઈ રીતે મદદરૂપ થાય છે ? ______
- ______
- ______
- ______
- ______

**વાચન :**

દવાખાનામાંથી ઘર તરફ પાછા ફરી રહ્યા હતા. મૌનસે જોયું કે ઘણા લોકો હારબંધ ઊભા હતા.

**મૌનસ :** આ બધા કેમ ઊભા છે ?

**મામા :** તે દૂધ ભરાવે છે.

**મૌનસ :** આટલા બધા લોકો ! દૂધ ક્યાં જતું હશે ?

**મામા :** અહીંથી દૂધ મુખ્ય ડેરીમાં જાય છે. ત્યાં વિવિધ બનાવટો તૈયાર થાય છે અને તેનું વિતરણ થાય છે.





મૌનસે તેના મામા પાસેથી જાણ્યું કે ડેરીમાં ભેગા થયેલા દૂધનું શું થાય છે. તમે પણ તમારી નજીકની ડેરીની મુલાકાત લો અને નીચેની વિગત ભરો :

લખો :

- ડેરીનું નામ : ______
- તેમાં કયા કયા કર્મચારી હોય છે ? ______
- અંદાજે દરરોજ કેટલા લિટર દૂધ એકઠું થાય છે ? ______
- ડેરીનું દૂધ ક્યાં જાય છે ? ______
- દૂધમાંથી શું બનાવી શકાય ? ______

## વિચારો અને કહો :

- આ સંસ્થાઓ ન હોય તો તમને શું અગવડ પડે ?
- બીજી કઈ કઈ સંસ્થાઓ આપણને ઉપયોગી છે ?

## પ્રવૃત્તિ :

દૂધ

ગ્રામ-પંચાયત

₹ ૧૦૦

પોસ્ટ-ઑફિસ

ડૉક્ટર

કૅન

ટપાલ

રસ્તો

બૅન્ક

દવા

### આટલું જાણો :

- આ સિવાય નીચે જેવી સંસ્થાઓ ગામ કે શહેરમાં આવેલી હોય છે :
  (અ) પોલીસ-સ્ટેશન
  (બ) ફાયરબ્રિગેડ સ્ટેશન
  (ક) ન્યાયાલય
- ATM નું પૂરું નામ 'ઑટોમેટેડ ટેલર મશીન' છે.
- સંદેશો ટપાલ ઉપરાંત SMS અને ઈ-મેઇલથી પણ મોકલી શકાય છે.

- ડેરીમાં દર વર્ષે વધુ દૂધ ભરાવનારનું સન્માન કરવામાં  આવે છે.
- દેશની મોટામાં મોટી સહકારી  ડેરી અમૂલ ડેરી છે, જે આણંદમાં આવેલી છે.
- તાત્કાલિક પોલીસને બોલાવવા - ૧૦૦ નંબર ડાયલ કરવો.
- આગ લાગે ત્યારે ફાયરબ્રિગેડને બોલાવવા - ૧૦૧ નંબર ડાયલ કરવો.
- જ્યારે કોઈ પણ પ્રકારની આરોગ્યવિષયક ઈમરજન્સી માટે - ૧૦૮ નંબર ડાયલ કરવો.




❖

૮

# ચાલો ઓળખીએ

## ગીત :

નાની ટેકરી ને એની ઉપર ઝાડ,
ઝાડ ઝાડ ઝાડ, એની ઉપર ઝાડ.
ઝાડને તો મૂળ હોય એની ઉપર થડ,
થડ થડ થડ, એની ઉપર થડ.
થડને આડી-ઊભી એને કેટકેટલી ડાળ,
ડાળ ડાળ ડાળ, કેટકેટલી ડાળ.
નાનાં-મોટાં પાન સાથે ડાળી લાગે પ્યારી,
પ્યારી પ્યારી પ્યારી, ડાળી લાગે પ્યારી.
નાની-મોટી ડાળીઓ પર લીલાં-પીળાં પાન,
પાન પાન પાન, લીલાં-પીળાં પાન.
પાનની પાસે ફૂલ આવે ને એમાંથી થાય ફળ,
ફળ ફળ ફળ, એમાંથી થાય ફળ.
કેરી, દાડમ, ચીકુ જોઈને મોંમાં આવે પાણી,
પાણી પાણી પાણી, મોંમાં આવે પાણી.





## લખો :

- તમારી આસપાસમાંથી શોધીને લખો.

- ફળનાં નામ :

______________________________

______________________________

- ઝાડનાં નામ :

______________________________

______________________________

- ફૂલનાં નામ :

______________________________

______________________________

## અવલોકન :

## લખો :

તમારી શાળા અને ઘરની આસપાસ જોવા મળતાં ઝાડ, છોડ, વેલાનાં નામ લખો. જેનાં નામ ન આવડે તે તમારાં મમ્મી, પપ્પા કે મિત્રો પાસેથી જાણીને લખો.


| | | |
|---|---|---|
| લીમડો | | |
| | તુલસી | |
| | | |
| આંબો | | દૂધી |

લખો :

| વનસ્પતિનું નામ | મોટું ઝાડ છે | નાનો છોડ છે | લાંબો વેલો છે | કાંટા હોય છે | કાંટા હોતા નથી | કઈ જગ્યાએ જોઈ ? |
|---|---|---|---|---|---|---|
| લીમડો | ✓ | | | | ✓ | રસ્તા પર |
| તુલસી | | ✓ | | | ✓ | આંગણામાં |
| દૂધી | | | ✓ | | ✓ | વાડામાં |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

રંગ પૂરો :

લખો :



૧. આ ચિત્ર શેનું છે ?

૨. તેના પર કેટલાં ફળ છે ?

૩. તેનાં પાન મોટાં છે કે નાનાં ?

૪. તેનાં ફૂલ કેવા રંગનાં છે ?

૫. ઝાડનાં મૂળ ક્યાં હોય છે ?

- આ ચિત્ર શાનું છે.

અવલોકન :

લખો :










વાચન :

વિચારો અને કહો :

**પાન :** વનસ્પતિનાં પાન જુદા જુદા આકાર અને કદનાં હોય છે. તેના પરથી ઝાડ ઓળખાય છે. પાન ખોરાક બનાવવાનું કામ કરે છે.

**ફળ :** ફળમાં ઝાડનું બીજ હોય છે. તેમાંથી બીજું ઝાડ ઊગે છે.



**ફૂલ :** મોટા ભાગની વનસ્પતિને ફૂલ આવે છે. તેમાંથી ફળ બને છે.

**થડ :** નાના છોડનાં થડ પાતળાં હોય છે. જ્યારે મોટાં ઝાડનાં થડ જાડાં હોય છે. થડ ઉપર છાલ હોય છે.

**મૂળ :** ઝાડનાં મૂળ જમીનમાં ઊંડે સુધી જાય છે. તેનાથી ઝાડ ઊભાં રહે છે. મૂળ વડે તે પાણી પીએ છે.

અવલોકન :

લખો :

| ઝાડ | છોડ | વેલા |
|---|---|---|
| વડ | | |
| | | |
| | | |
| | | |

પ્રોજેક્ટ :


| શાળાનાં ઝાડ-છોડનાં નામ | ફૂલનો રંગ | ફળનું નામ | ફળ ક્યારે આવે છે ? | છાંયો આપે છે ? | છાંયો નથી આપતું ? | પાન મોટાં છે ? | પાન નાનાં છે ? | થડ જાડું છે? | થડ પાતળું છે ? |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બારમાસી | સફેદ | - | - | - | ✓ | - | ✓ | - | ✓ |
| બોરડી | પીળો | બોર | શિયાળે | ✓ | - | - | ✓ | - | - |
| વડ | લાલ | ટેટાં | ચોમાસે | ✓ | - | ✓ | - | ✓ | - |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

## રંગ પૂરો :

- તમને ગમતું ઝાડ દોરી તેમાં રંગ પૂરો.

## રંગ પૂરો :

- ખૂટતાં અંગો દોરો.



## લખો :

- જમીનથી આકાશ તરફના ચડતા ક્રમમાં ઝાડનાં અંગો લખો :


(૧) ______________ (૨) ______________

(૩) ______________ (૪) ______________

(૫) ______________

# ૯

## પ્રવૃત્તિ : જુઓ અને જાણો



- રબર અને સંચામાં શું ભારે છે ? ____________
- રબર કરતાં શું-શું હલકું હોય છે ? ____________
- ચૉક અને રબરમાં શું હલકું છે ? ____________
- ચૉક, રબર અને સંચાના વજન જેટલું કોનું વજન હશે ? ____________

### અવલોકન :

નીચેની વસ્તુઓને હલકી વસ્તુઓથી ભારે વસ્તુઓનો ક્રમ આપો :


| કંપાસ | પેન્સિલ | ચૉક | દફતર | રબર |
| --- | --- | --- | --- | --- |
| | | | ૧૦ | |
| કાગળ | ડસ્ટર | માપપટ્ટી | ચોપડી | સ્લેટ |
| ૧ | | | | |

## પ્રવૃત્તિ :

**વસ્તુઓ એકઠી કરો :**

| | | | |
|---|---|---|---|
| • પ્લાસ્ટિક | • કચૂકો | • દીવાસળીની પેટી | • સિક્કો |
| • દર્પણ (અરીસો) | • ગોટલી | • માપપટ્ટી | • પાન |
| • પથ્થર | • નળિયું | • કંપાસ | |
| • કાપડ | • રબર | • ચૉક | |

## પ્રવૃત્તિ :



**અવલોકન :** **લખો :**

| છાપ ઊપસી હોય તેવી વસ્તુઓ | | છાપ ઊપસી ન હોય તેવી વસ્તુઓ | |
|---|---|---|---|
| • સિક્કો | • ________ | • કાચ | • ________ |
| • થડ | • ________ | • કાગળ | • ________ |
| • પાન | • ________ | • ________ | • ________ |
| • ________ | • ________ | • ________ | • ________ |
| • ________ | • ________ | • ________ | • ________ |
| • ________ | • ________ | • ________ | • ________ |

જે વસ્તુઓની છાપ ઊપસી હોય તેવી વસ્તુઓને ખરબચડી વસ્તુઓ કહેવામાં આવે છે.

### વર્ગખંડની રમત :

લીસી કે ખરબચડી વસ્તુઓ એકઠી કરો. તમારા મિત્રની આંખો બંધ કરાવી તમે લાવેલી વસ્તુઓ એક-એક કરીને તમારા મિત્રના હાથમાં મૂકો. હાથ વડે સ્પર્શ કરી સપાટી લીસી છે કે ખરબચડી છે તેની જાણકારી મેળવો. હવે, તમે આંખો બંધ કરી મિત્રની વસ્તુઓની સપાટી વિશે કહો.

### લખો :

| રમતમાં વપરાયેલી લીસી વસ્તુઓ | રમતમાં વપરાયેલી ખરબચડી વસ્તુઓ |
|---|---|
| • ________ | • ________ |
| • ________ | • ________ |
| • ________ | • ________ |
| • ________ | • ________ |
| • ________ | • ________ |
| • ________ | • ________ |

### વિચારો અને કહો :



## લખો :

- કાચની બનેલી વસ્તુઓ :

- લાકડાની બનેલી વસ્તુઓ :

## લખો :

- તૂટે ⬭  ન તૂટે ▭

દોરો  કાપડ  કાચ
રબર  ખીલી  પથ્થર
પાંદડું  નાડું  દોરડું
લાકડું  કાગળ  તાર
વાયર

## વાચન :

## વિચારો અને કહો :

| | | | |
|---|---|---|---|
| ઠીકરું | કાપડ | માટીનું ઢેફું | પાંદડું |
| પથ્થર | કાગળ | બંગડી | રબર |
| પ્લાસ્ટિકની વસ્તુ | ઈંટ | ટાઈલ્સનો ટુકડો | ખીલી |
| પીંછું | પેન્સિલ | ચૉક | સ્લેટ |
| | | | |
| | | | |
| | | | |

લખો :

- અનુમાન કરીને લખો.

| શું કરવાથી ? | તૂટશે નહિ | વળી જશે | તૂટી જશે |
|---|---|---|---|
| હથોડી કે પથ્થર વડે તોડવાથી... | | | |
| પથ્થર પર પછાડવાથી... | | | |

પ્રવૃત્તિ :

એકઠી કરેલી વસ્તુઓને તોડી જુઓ અથવા પથ્થર પર પછાડી જુઓ. કાચના અને ટાઈલ્સના ટુકડા તોડતાં વાગી ન જાય તેનું ધ્યાન રાખો.

લખો :

| શું કરવાથી ? | તૂટશે નહિ | વળી જશે | તૂટી જશે |
|---|---|---|---|
| હથોડી કે પથ્થર વડે તોડવાથી... | | | |
| પથ્થર પર પછાડવાથી... | | | |

ચર્ચા : લખો :

- કોષ્ટકમાં તારણોને આધારે લખો :

| સાચાં અનુમાન | ખોટાં અનુમાન |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

## લખો :

- એકઠી કરેલી વસ્તુઓ શાની બનેલી છે તે લખો.
- તમને ન સમજાય ત્યાં શિક્ષકની મદદ મેળવો.

| વસ્તુનું નામ | શાની બનેલી છે ? | તૂટી જાય છે ? હા/ના |
|---|---|---|
| બંગડી | કાચની | હા |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

જે-જે વસ્તુઓને વાળવાથી તૂટી કે બટકાઈ જતી હોય તેવી વસ્તુઓને બરડ પદાર્થ કહે છે.

## રંગ પૂરો :

- ખીલી સરળતાથી ખોસી શકાય તેની સામે ☐ રંગ પૂરો :

| | |
|---|---|
| પથ્થર ☐ | લાકડું ☐ |
| રબર ☐ | ગોળ ☐ |

- **દબાવી શકાય તેની સામે ■ રંગ પૂરો :**

| | | | |
|---|---|---|---|
| રબર | ☐ | પથ્થર | ☐ |
| લાકડું | ☐ | ભીની માટી | ☐ |

- **દબાવી ન શકાય તેની સામે ■ રંગ પૂરો :**

| | | | |
|---|---|---|---|
| પથ્થર | ☐ | રબર | ☐ |
| લાકડું | ☐ | દીવાલ | ☐ |

- **કઠણ હોય તેની સામે ■ રંગ પૂરો :**

**નરમ હોય તેની સામે ■ રંગ પૂરો :**

| | | | |
|---|---|---|---|
| રબર | ☐ | ખુરશી | ☐ |
| લાકડું | ☐ | ખાટલો | ☐ |
| ગોળ | ☐ | રૂ (કપાસ) | ☐ |
| પથ્થર | ☐ | પેન | ☐ |

જે બે પદાર્થોને એકબીજા સાથે ઘસતાં જે પદાર્થ પર લસરકો (લીટો) પડે તે પદાર્થ બીજા પદાર્થ કરતાં નરમ છે.

**આટલું જાણો :**

- દુનિયાની તમામ વસ્તુઓ પદાર્થ છે. જેમાં કેટલાક લીસા-ખરબચડા છે, કેટલાક ભારે તો કેટલાક હલકા છે, કેટલાક નરમ, કઠણ કે બરડ પણ છે.
- ઘણા પદાર્થો છે. તેમાં વિવિધતા પણ છે, તો આવી બીજી વિવિધતા શોધી કાઢો. જેમકે રંગ, ગંધ, સ્વાદ વગેરેમાં પણ વિવિધતા જોવા મળે છે.
- સૌથી કઠણ પદાર્થ હીરો છે.
- કાચ કાપવા માટેની હીરાકણીમાં હીરાનો ઉપયોગ થાય છે.

❖

# કેટલું શીખ્યા ? -૩

**પ્રૉજેક્ટ: શોધ-ખોળ**

(તમારા મિત્રો સાથે જૂથ બનાવી અવલોકન કરીને લખો.)

- આસપાસ ક્યાં ક્યાં ઝાડ વધારે છે ?

- તમારા ગામમાં ક્યાં ક્યાં ફળનાં ઝાડ થાય છે ?

| સૌથી ઊંચું ઝાડ | ક્યાં આવેલું છે ? | સૌથી જાડું થડ ધરાવતું ઝાડ | ક્યાં આવેલું છે ? |
|---|---|---|---|
| | | | |

**લખો :**

- દીપ બીમાર પડે તો...
- ગીતા મામાને ટપાલ લખે તો...
- રેહાનાને નાણાંની જરૂર પડે તો...
- ગામમાં પાણીની જરૂર પડે તો...
- ઋચનની સાઈકલ ચોરાય તો...

| દવાખાનું | ડૉક્ટર |
|---|---|
| | |
| | |
| | |
| | |

રંગ પૂરો :



## લખો :

| પદાર્થો | લીસું | ખરબચડું | કઠણ | બરડ | નરમ | રંગ |
|---|---|---|---|---|---|---|
| દર્પણ (અરીસો) | ✔ | | | ✔ | | |
| ઈંટ | | ✔ | | ✔ | | ✔ |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

## જુઓ અને કહો :

- કઈ વસ્તુની સામે સૌથી વધારે ✔ થયું ?
- કઈ વસ્તુની સામે સૌથી ઓછું ✔ થયું ?

## ખરું કહેવાય !

- જોયું, એક વસ્તુને કેટલી બધી વિવિધતાઓ હોય છે ?

❖

# ૧૦

# દેશની ઓળખ

**વાચન :**

દરેક વસ્તુ, વ્યક્તિ અને સ્થળની આગવી ઓળખ હોય છે. દરેક દેશની પણ પોતાની આગવી ઓળખ હોય છે. દેશની ઓળખ એટલે દેશનું પ્રતીક. આપણા દેશનાં પણ વિવિધ પ્રતીક છે. આપણે આપણા દેશની ઓળખ મેળવીએ. રાષ્ટ્રીય પ્રતીકોનો પરિચય મેળવીએ.

નીચે અલગ અલગ વસ્તુઓનાં ચિત્રો આપેલાં છે. આ વસ્તુઓ રંગ, કદ, આકારમાં અલગ અલગ છે. છતાં તેમાં એક બાબત સમાન છે, જે ચિત્રમાં જોઈને શોધો.

**જુઓ અને કહો :** **ચર્ચા :**









ઉપરના ચિત્રમાં શું સમાન દેખાય છે ? ____________

તે આપણી રાષ્ટ્રમુદ્રા તેમજ રાષ્ટ્રીય પ્રતીક છે.

## છાપકામ કરો :

- શિક્ષકની મદદથી વિવિધ ચલણી સિક્કાની રાષ્ટ્રમુદ્રાની છાપ ઉપસાવો.

## અવલોકન :



















## રંગ પૂરો :



## વિચારો અને લખો :

- ઉપર આપેલ ચિત્રના આધારે નીચેની વિગત ભરો :

| નામ | રંગ | આરાની સંખ્યા | ચક્રનું નામ |
|---|---|---|---|
| | | | |


## વિચારો અને કહો :

- આપણી શાળામાં કયા કયા દિવસોએ ધ્વજવંદન કરવામાં આવે છે ?
- ધ્વજવંદનના દિવસે કયાં કયાં ગીત ગાવામાં આવે છે ?
- ધ્વજવંદન કરતી વખતે છેલ્લે કયું ગીત ગવાય છે ?

### લખો :

રાષ્ટ્રગીત 'જન ગણ મન' આપણું રાષ્ટ્રીય પ્રતીક છે.
રાષ્ટ્રગીતની પ્રથમ બે પંક્તિ લખો :

### રંગ પૂરો :



### લખો :

ઉપરના ચિત્ર-સમૂહમાંના દરેક સમૂહમાંથી જે એક ચિત્ર અલગ પડે છે તેનું નામ લખો :

પ્રાણી:

પક્ષી :


ફૂલ :

ફળ :

ઉપરના ચિત્રમાંથી તમે અલગ પડતાં ફળ, ફૂલ, પ્રાણી, પક્ષીનાં નામ લખ્યાં. આ આપણાં રાષ્ટ્રીય પ્રતીકો છે. મોર રાષ્ટ્રીય પક્ષી છે. વાઘ રાષ્ટ્રીય પ્રાણી, કમળ રાષ્ટ્રીય ફૂલ અને કેરી રાષ્ટ્રીય ફળ છે.

## પ્રવૃત્તિ :

- જોડકાં જોડો.

| | | | |
|---|---|---|---|
| રાષ્ટ્રીય પ્રાણી | રાષ્ટ્રીય ગીત | રાષ્ટ્રીય ફૂલ |  |
|  |  |  | રાષ્ટ્રીય મુદ્રા |
| રાષ્ટ્રીય પક્ષી | રાષ્ટ્રીય ફળ | જન ગણ મન... |  |

## લખો :

- તમે ક્યાં ક્યાં રાષ્ટ્રીય પ્રતીકો જોયાં છે ?

_______________ _______________

_______________ _______________


_______________ _______________

_______________ _______________

❖

# ૧૧

# શ્વસન-અંગો




અવલોકન : લખો :


- આપણા શરીરના ત્રણ ભાગ છે :

- માથું, ધડ અને હાથ-પગ.
- શરીરનાં બહાર દેખાતાં અંગોને બાહ્ય અંગો કહે છે.
- શરીરની અંદરનાં અંગોને આંતરિક અંગો કહે છે.

પ્રવૃત્તિ :

- એક દોરી કે માપપટ્ટી લો.
- ચિત્રનું અવલોકન કરો.
- તમારા મિત્રની છાતીની આસપાસ દોરી કે માપપટ્ટી વીંટો.
- તમારા મિત્રની છાતીનું માપ નોંધો.

* મિત્રને ધીમે ધીમે શ્વાસ લેવાનું કહો.
* હવે તેની ફુલાવેલી છાતીનું માપ લો અને નોંધો.
* પહેલા અને છેલ્લા માપ વચ્ચે કેટલો ફેર જણાયો ?



**પ્રવૃત્તિ :**

ઊંડો શ્વાસ લેતાં છાતી ફૂલે છે અને શ્વાસ બહાર કાઢતા તે સંકોચાય છે.

**ચર્ચા :**


* તમે કેટલો સમય શ્વાસ લીધા વગર રહી શકો ?
* શ્વાસ ન લો તો શું થાય ?
* શ્વાસ લેતાં - બહાર કાઢતાં નાક આગળ હાથ રાખો. શું અનુભવાય છે ? તે અંગે ચર્ચા કરો.



* આપણે જે હવા નાક વડે શરીરમાં લઈએ છીએ તેને શ્વાસ અને બહાર કાઢીએ છીએ તેને ઉચ્છ્‌વાસ કહે છે.
* બંને પ્રક્રિયાઓ સાથે થતી હોવાથી તેને શ્વાસોચ્છ્‌વાસ કહે છે.
* દરેક સજીવે જીવવા માટે શ્વસન કરવું જરૂરી છે.

## અવલોકન :

- નાક વડે શ્વાસમાં લીધેલી હવા શ્વાસનળીમાં જાય છે.




- શ્વાસને ફેફસાં સુધી શ્વાસનળી પહોંચાડે છે.
- શ્વાસનળીમાંની હવા ડાબા અને જમણા ફેફસાંમાં પહોંચે છે.
- જમણાં ફેફસા કરતાં ડાબું ફેફસું થોડુંક નાનું હોય છે.
- નાકમાં આવેલા વાળ હવાને ચોખ્ખી કરીને શ્વાસનળીમાં પહોંચાડે છે.

- શરીરને પૂરતા પ્રમાણમાં હવામાંનો ઑક્સિજન (પ્રાણવાયુ) મળી રહે તે માટે ઊંડા શ્વાસ લેવા જોઈએ.
- હંમેશાં ચોખ્ખી હવા જ શ્વાસમાં લેવી જોઈએ.

## લખો :

શ્વસન-અંગો

| | | | |
|---|---|---|---|
| | | | |

લખો :

| | | | |
|---|---|---|---|
| પગ | ફેફસાં | કાન | આંખ |
| મોં | દાંત | જીભ | નાક |
| હૃદય | હાથ-પગ | શ્વાસનળી | વાળ |

ચર્ચા :

ચોખ્ખી હવા અને વૃક્ષો :

લખો :

ઝાડ કઈ કઈ રીતે ઉપયોગી :

______ ______ ______ ______ ______

______ ______ ______ ______ ______

ખરું કહેવાય !

- દેડકો ચામડી વડે પણ શ્વાસ લે છે.
- માછલી ચૂઈ વડે શ્વાસ લે છે.
- વૃક્ષ પાન વડે શ્વાસ લે છે.





# ૧૨

# વ્યવસાયકારો

રંગ પૂરો :

- ગામમાં હોય તો ● રંગ પૂરો :













## અવલોકન :

- તેમની મદદ જરૂરી હોય તો ● રંગ પૂરો :









## ગીત :

- તમારા શિક્ષકની મદદ મેળવી ''રૂપિયો લઈને હું'' ગીત અભિનય સાથે ગાઓ.

## જોડ કરો.



અવલોકન :

ચર્ચા :













લખો :


- વ્યવસાયકારો :

_______________ _______________ _______________

_______________ _______________ _______________

## રંગ પૂરો :

• સાધન વપરાતાં જોયાં હોય તો ● રંગ પૂરો :



અવલોકન : લખો :

- પૂછો અને લખો :
- નામ : ____________________

  વ્યવસાય : ____________________

  ઓજારોનાં નામ : ____________________

  બહારથી શું-શું ખરીદે છે ? : ____________________

  શું-શું બનાવે છે ? : ____________________

  ઘરના કોણ મદદ કરે છે ? : ____________________

  કોણે શીખવ્યું ? : ____________________

  અન્ય માહિતી : ____________________

- નામ : ____________________

  વ્યવસાય : ____________________

  ઓજારોનાં નામ : ____________________

  બહારથી શું-શું ખરીદે છે ? : ____________________

  શું-શું બનાવે છે ? : ____________________

  ઘરના કોણ મદદ કરે છે ? : ____________________

  કોણે શીખવ્યું ? : ____________________

  અન્ય માહિતી : ____________________

## લખો :

| | સોય-દોરો | કાતર | હથોડી | માપપટ્ટી | લેલું | રંધો |
|---|---|---|---|---|---|---|
| સુથાર | | | ✓ | ✓ | | ✓ |
| લુહાર | | | | | | |
| મોચી | | | | | | |
| કડિયો | | | | | | |
| વાળંદ | | | | | | |

## કોયડો :

ચિત્ર જોઈ વ્યવસાયકારનું નામ લખો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
|  | ⇒ મો | ચી |  | ⇒ | | |
| ✕ | ✕ | ✕ | ✕ | ✕ |  | ✕ |
| ✕ | ✕ | ✕ | ✕ | ✕ | ⇓ | ✕ |
|  | ⇒ | | | ✕ | | ✕ |
| ✕ | ✕ | ✕ |  | ⇒ | | |

લખો :

ચર્ચા :

- ક્યાં ક્યાં કામ માટે તમારે ઘરની બહાર જવું પડે છે ?
- તમારી આસપાસ કયા કયા વ્યવસાયકારો છે ?
- આસપાસના કયા વ્યવસાયકારો બહાર વ્યવસાય કરે છે ?

લખો :

ચર્ચા :

- દરજી ન હોય તો...
- કાતર ન હોય તો...
- સફાઈ-કામદાર ન હોય તો...
- કડિયો ન હોય તો...

❖

# કેટલું શીખ્યા ? - ૪


**અવલોકન :**

- પ્રતીક ઓળખો અને લખો :


૧




૨




૩




૪




૫



૬



૭



૮




લખો :

| વિગત | ક્રમ | વિશેષતા |
|---|---|---|
| રાષ્ટ્રીય ફળ | ૫ | કેરી ઉનાળામાં થાય છે, કેરી ફળ છે. |
| રાષ્ટ્રીય પક્ષી | | |
| રાષ્ટ્રીય પ્રાણી | | |
| રાષ્ટ્રીય ફૂલ | | |

રંગ પૂરો :

લખો :



મને ઓળખી કાઢો :

- હું બે ફેફસાં સાથે જોડાયેલ શ્વસન-અંગ છું. ____________
- હું શરીરની બહાર દેખાતું શ્વસન-અંગ છું. ____________

## લખો :

- તમે શીખેલાં શ્વસન-અંગોનાં નામ ક્રમશઃ લખો.

નાક

↓

[ ]

↓

[ ]

↓

[ ]

## લખો :

ઉદાહરણ મુજબ વચ્ચેની ખાલી જગ્યામાં આપેલ વ્યવસાયકાર અને ઉપયોગમાં લીધેલ પદાર્થમાંથી બનતી વસ્તુઓનાં નામ લખો.

| સુથાર | ખુરશી | ટેબલ | બારણાં | ખાટલો | લાકડું |
|---|---|---|---|---|---|
| લુહાર | | | | | લોખંડ |
| દરજી | | | | | કાપડ |
| કુંભાર | | | | | માટી |
| મોચી | | | | | ચામડું |
| કડિયો | | | | | ઈંટ |

# મારી આસપાસ

## વિચારો અને લખો :

| | |
|---|---|
| તમારા ઘરના કુલ સભ્યોની સંખ્યા | |
| ઘરના સૌથી વડીલ સભ્યનું નામ | |
| ઘરના સૌથી નાના સભ્યનું નામ | |
| તમારા કયા મિત્રના ઘરમાં ઓછા સભ્યો છે ? | |
| તમારા કયા મિત્રના ઘરમાં વધારે સભ્યો છે ? | |

## વાચન :

રામજીનું ઘર. પાકું ચણાયેલું ઘર. આ ઘરમાં બે ઓરડા. રામજી, તેની વહુ અને પાંચ છોકરાં. બધાં એક જ ઘરમાં રહે. સૌ સંપીને રહે. રામજી ઘરમાં બધાંને સાચવે. બધાંની જરૂરિયાત પૂરી કરે.

- રામજીના ઘરમાં કેટલા સભ્યો થાય ?
- તેમના ઘરમાં ક્યારે ક્યારે ઘોંઘાટ થતો હશે ?
- રામજી કઈ કઈ જરૂરિયાત માટે વધારે નાણાં ખર્ચતો હશે ?

## ચર્ચા :

- તમને રામજીના ઘરે રહેવાનું થાય તો શું કરો ?
- તમારી આસપાસ કોના ઘરમાં સભ્યો વધારે છે ?
- તમારી આસપાસ કોના ઘરમાં સભ્યો ઓછા છે ?

❖❖❖